# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું ભારત અને "યુરોપિયન મુક્ત વેપાર સંઘ" વચ્ચે મુક્ત વ્યાપાર કરાર પહેલી ઓક્ટોબરથી અમલમાં આવશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરાખંડમાં એક હજાર બસો 71 કરોડ રૂપિયાના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.

3) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કાઝીપેટમાં રેલ ઉત્પાદન એકમ આવતા વર્ષથી કાર્યરત થશે.

4) ભાજપે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે સંસદના ચોમાસુ સત્ર પહેલા ઈન્ડી ગઠબંધનમાં મતભેદો અને વિભાજન સ્પષ્ટપણે દેખાય છે.

5) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભારતના અમૂલ્ય વારસા ગુજરાતનાં ગીરની મુલાકાત લેવા સૌને અપીલ કરી.

6) ભારત બેડમિન્ટન એશિયા જૂનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યુ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Goyal Trade Agreement

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત અને યુરોપના ચાર દેશોના સમૂહ “યુરોપિયન મુક્ત વેપાર સંઘ” વચ્ચે મુક્ત વ્યાપાર કરાર પહેલી ઓક્ટોબરથી અમલમાં આવશે. આ સમૂહમાં આઇસલેન્ડ, લિક્ટેનસ્ટીન, નોર્વે અને સ્વિટ્ઝર્લૅન્ડનો સમાવેશ થાય છે. એસોચેમ દ્વારા આયોજિત એક સત્રને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ ગયા વર્ષે 10 માર્ચે વેપાર અને આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે ચારેય દેશોએ મુક્ત વેપાર કરારને બહાલી આપી છે.

આ સમૂહે સો અરબ ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. કરાર અમલમાં આવ્યાના 10 વર્ષમાં 50 અરબ ડોલર અને આગામી પાંચ વર્ષમાં 50 અરબ ડોલરનું રોકાણ કરવામાં આવશે. આનાથી ભારતમાં 10 લાખ સીધી નોકરીઓનું સર્જન થશે.

શ્રી ગોયલે કહ્યું કે ભારત આંતરરાષ્ટ્રીય વેપાર કરારોમાં ત્યારે જ જોડાશે જયારે તે રાષ્ટ્રીય હિતમાં હશે.

# Shah Uttarakhand

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ઉત્તરાખંડના રૂદ્રપુરમાં એક હજાર બસો 71 કરોડ રૂપિયાના વિવિધ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી શાહે રુદ્રપુરમાં આયોજિત ઉત્તરાખંડ રોકાણ મહોત્સવ - ૨૦૨૫માં દેશભરના રોકાણકારો અને ઉદ્યોગસાહસિકો સાથે વાતચીત કરી. આ પ્રસંગે લોકોને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ જેવા નાના રાજ્યોના વિકાસ વિના દેશનો વિકાસ શક્ય નથી, તેથી કેન્દ્ર સરકારે નાના રાજ્યો અને પૂર્વીય રાજ્યોના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું છે.

(BYTE : AMIT SHAH)

શ્રી શાહે કહ્યું કે આજે ઉત્તરાખંડમાં એક લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે 81 હજારથી વધુ નોકરીઓનું સર્જન થયું છે.

# Uttar Pradesh – Youth Spiritual Council

યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ **2047** સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના ધ્યેયને પ્રાપ્ત કરવામાં નશામુક્ત યુવાનોના મહત્વ પર ભાર મૂક્યો છે. આજે વારાણસીમાં યુવા આધ્યાત્મિક પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, શ્રી માંડવિયાએ નાગરિકોને રાષ્ટ્ર નિર્માણને પ્રાથમિકતા આપવા અને નશામુક્ત ભારત માટેના અભિયાનમાં જોડાવા અપીલ કરી. તેમણે દરેકને આ અભિયાનમાં ઓછામાં ઓછા પાંચ યુવાનોને પોતાની સાથે જોડવાનો સંકલ્પ લેવા હાકલ કરી.

(BYTE : MANSUKH MANDAVIYA)

સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિકતા સાથે સંબંધિત 100 સંગઠનોના પાંચસોથી વધુ યુવા પ્રતિનિધિઓએ આ પરિષદમાં ભાગ લીધો. આ પરિષદ કાશી ઘોષણાપત્રના પ્રકાશન સાથે આવતીકાલે સમાપ્ત થશે. ઘોષણાપત્રમાં, ભારતને નશામુક્ત બનાવવા માટે એક વ્યાપક કાર્ય યોજના પર ભાર મૂકવામાં આવશે.

# PM Youth Spiritual Summit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાના એક લેખનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે યુવા આધ્યાત્મિક પરિષદ એ નશામુક્ત ભારત બનાવવા તરફ એક મોટું પગલું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે શ્રી માંડવિયાએ લેખમાં વિગતવાર સમજાવ્યું છે કે આ પરિષદ નશામુક્ત ભારત બનાવવા માટે કેવી રીતે મદદ કરી રહી છે.

# Kazipet---Railway-manufacturing-unit

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે કાઝીપેટમાં રેલ ઉત્પાદન એકમ આવતા વર્ષથી કાર્યરત થશે. કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી સાથે કોલસા એકમની પ્રગતિની સમીક્ષા કર્યા પછી, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે બાંધકામ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થશે. આ એકમમાં તબક્કાવાર રીતે રેલ્વે એન્જિન, કોચ, વેગન અને મેટ્રો રેલ કોચનું ઉત્પાદન કરી શકાય છે. તે દેશના સૌથી મોટા રેલ ઉત્પાદન એકમોમાંનું એક હશે.

શ્રી વૈષ્ણવે કાઝીપેટમાં કોચ ફેક્ટરી સ્થાપવાના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DHARNENDRA PRADHAN

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું નક્કી છે અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં દરેક નાગરિકની ભૂમિકા રહેશે. કેરળમાં IIT પલક્કડના દીક્ષાંત સમારોહમાં, તેમણે વિદ્યાર્થીઓને પરિવહન, આવાસ, તબીબી સુવિધાઓ અને કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓના નિર્માણમાં પોતાની ભૂમિકા ભજવવા વિનંતી કરી.

શિક્ષણ મંત્રીએ 328 વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અર્પણ કર્યા. શ્રી પ્રધાને કહ્યું કે IIT પલક્કડ વિકસિત ભારતમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# BJP-Congress

ભારતીય જનતા પાર્ટીએ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે સંસદના ચોમાસુ સત્ર પહેલા ઈન્ડિ ગઠબંધનમાં મતભેદો અને વિભાજન સ્પષ્ટપણે દેખાય છે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં એક પ્રશ્નનો જવાબ આપતા, ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીએ પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે તે વિપક્ષી ગઠબંધનનો ભાગ નથી. તેમણે વિપક્ષને સંસદના આગામી સત્રનો સકારાત્મક અને ઉત્પાદક રીતે ઉપયોગ કરવા વિનંતી કરી.

શ્રી ત્રિવેદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સોશિયલ મીડિયા પોસ્ટની પણ ટીકા કરી હતી જેમાં પ્રર્વતન નિદેશાલય- **ED** એ તેમના સાળા રોબર્ટ વાડ્રા સામે મની લોન્ડરિંગ મામલે કેસ નોંધ્યો હતો. ભાજપના પ્રવક્તાએ સવાલ કર્યો કે રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર આ નિવેદન વ્યક્તિગત આપ્યું છે કે વિપક્ષના નેતા તરીકે, જે એક બંધારણીય પદ છે. શ્રી ત્રિવેદીએ આરોપ લગાવ્યો કે શ્રી ગાંધીએ તેમના પરિવારના ખોટા કાર્યોને ઢાંકવા માટે વિપક્ષના નેતા તરીકેના તેમના પદનો દુરુપયોગ કર્યો.

# SHIVRAJ SINGH JUNAGADH

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે જુનાગઢના પ્રવાસ દરમિયાન ગીરની મુલાકાત લીધી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, ગીરના અદભૂત જંગલમાં પ્રકૃતિનું અલૌકિક સૌંદર્ય નજીકથી જોવાની તેમને આજે તક મળી. ગીર એક જંગલ નહીં, પણ આપણી સંસ્કૃતિ, ગૌરવ અને પ્રકૃતિની સાથે આપણા સંબંધોનું જીવંત પ્રતિક છે. ગીરની સફારીમાં સરળતાથી જંગલના રાજા સિંહના દર્શન થાય છે તેમ ઉમેરતાં શ્રી ચૌહાણે સૌને ગીર આવવા પણ અપીલ કરી.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, UNION MINISTER)

શ્રી ચૌહાણે જુનાગઢના રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ખેડૂતો સાથે સંવાદ કર્યો. ઉપરાંત તેમણે સખી મંડળ- સ્વસહાય જૂથની મહિલાઓ, લખપતિ દીદી બહેનો સાથે પણ સંવાદ કરી તેમના યોગદાનની પ્રશંસા કરી.

# BADMINTON ASIA JUNIOR CHAMPIONSHIPS

ભારતે ઇન્ડોનેશિયાના સોલો ખાતે ગૃપ ડી મુકાબલામાં સંયુક્ત આરબ અમિરાત સામે 110-83થી વિજય મેળવ્યો છે. સાથે જ ભારતે બૅડમિન્ટન ઍશિયા જૂનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. આ ટૂર્નામેન્ટ રિલે સ્કોરિંગ ફોર્મેટ હેઠળ રમાઈ રહી છે, જ્યાં ટીમો 10 મેચમાં 110 પૉઈન્ટ સુધી રમે છે. ભારત હવે આવતીકાલે હૉન્ગકૉન્ગ ચીન સામે જીત મેળવીને ગૃપમાં ટોચ પર રહેવાનો પ્રયાસ કરશે.

# Weather

હવામાન વિભાગે આજે કેરળ, માહે અને પશ્ચિમ રાજસ્થાનમાં જુદા જુદા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. આગામી ત્રણ દિવસ સુધી કોંકણ, ગોવા અને કર્ણાટકના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદની સંભાવના છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહેશે. આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામાનીએ જણાવ્યું હતું કે આજે ઉત્તરપશ્ચિમ રાજસ્થાનમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# Odisha - Accident

ઓડિશામાં એક ભયાનક ઘટનામાં, આજે સવારે પુરી જિલ્લાના બાલંગામાં કેટલાક બદમાશોએ 15 વર્ષની છોકરીને આગ લગાવી દીધી. 70 ટકા દાઝી ગયેલી સગીર છોકરીને સ્થાનિક લોકોએ બચાવી અને ગંભીર હાલતમાં ભુવનેશ્વરની AIIMS હોસ્પિટલમાં દાખલ કરી. ઓડિશા સરકારે પીડિતાની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી છે. ઓડિશા સરકારે બદમાશોની તાત્કાલિક ધરપકડ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# Delhi-Chief Justice Van Mahotsav

દિલ્હી સરકારના વન મહોત્સવ 2025 અંતર્ગત દિલ્હી રિજ વિસ્તારમાં પીબીજી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં આજે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમુર્તિ ભૂષણ રામકૃષ્ણ ગવઈ અને 20 ન્યાયમુર્તિઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા શ્રી સિરસાએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “એક પેડ મા કે નામ” અભિયાન હેઠળ મુખ્ય ન્યાયમુર્તિ અને ન્યાયાધીશોની હાજરી એ સંદેશ આપે છે કે દિલ્હીમાં હરિયાળી અને સ્વચ્છ હવા પાછી લાવવાની જવાબદારી દરેકની છે.